# સરકાર ખેડુત-પ્રજા વિરોધી માનસિકતા ધરાવે છે : કોંગી

## ૬૦૦૦થી વધુ એસટી બસ રૂટ બંધ કરી ગ્રામ્ય વિસ્તારને સરકારે ભારોભાર અન્યાય કર્યો છે : સોલંકીનો આક્ષેપ

અમદાવાદ, તા.૨૭

મહાત્મા ગાંધી અને સરદાર સાહેબના ગુજરાતમાં કેન્દ્ર સ્થાને સામાન્ય નાગરિકને બદલે ગુજરાતની ભાજપ સરકારે સીમિત લોકોને ધ્યાનમાં રાખી લાખો લોકોના અધિકાર છીનવ્યા છે. ત્યારે આ પ્રજા વિરોધી ભાજપ સરકારને જાકારો આપી કોંગ્રેસ પક્ષના પ્રજા લક્ષી, પંચાયતી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર ખેડુત વિરોધી, પ્રજા વિરોધી માનસિકતા ધરાવે છે. બક્ષીપંચ, આદિવાસી અને દલિત વર્ગનો તેમના આપવાના અધિકાર આ ભાજપ સરકારે છીનવી લીધા છે. દલિતો પરના અત્યાચારમાં વધારો થયો છે. બેક બેગની જગ્યા લાંબા સમયથી ભરવામાં આવતી નથી. જાતી વિષયક પ્રમાણપત્રો મેળવવામાં લાંબી લાઈનો આંબે છે સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૮૦ ટકા ડોકટરોની જગ્યાં લાંબા સમયથી ખાલી છે. ૭૦ ટકા પેરામેડીકલ સ્ટાફ ખાલી છે, ૧૪, ૫૬૪ જેટલી શાળાઓ એક વર્ગખંડમાં એક કરતાં વધુ ધોરણના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની જરૂર પડે છે. શહેર અને ગ્રામ્યને જોડતા ૬ હજાર જેટલા એસ.ટી. બસ રૂટો બંધ કરીને ગ્રામ્ય વિસ્તારને ભાજપ સરકારે ભારોભાર અન્યાય કર્યો છે. વિશ્વની સૌથી મોટી રોજગારની ઐતિહાસિક રોજગાર મનરેગા યોજનાનો નાણા ન ફાળવીન ગ્રામ્ય વિસ્તારના લાખો નાગરિકોની રોજગારી છીનવવાનું કામ ભાજપ સરકારે કર્યું છે. શિક્ષણનો અધિકાર, માહિતીનો અધિકાર અને અન્ન સુરક્ષા અધિકાર કેન્દ્રની કોંગ્રેસ યુપીએ સરકારે આપ્યો. પણ ગુજરાતની ભાજપ સરકાર કાયદાનો અમલ ન કરી ગુજરાતના નાગરિકોને અન્યાય કર્યો હોવાનો પત્રકાર પરિષદમાં આરોપ કરતાં ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશ છતાં બી.પી.એલનો સર્વે કરવામાં આવતો નથી. નર્મદાની ૫૦,૦૦૦ કિલોમીટર કેનાલ નેટવર્ક બાકી હોવાથી ગુજરાતના નાગરિકોને પીવાનું પાણી અને ખેડુતોને ૮ કલાક વીજળી મળતી નથી. સાત લાખ કરતા વધુ ખેડુતો વીજ કનેક્શન માટે રાહ જોઈ રહ્યા છે. કોંગ્રેસના શાસનમાં ૫૦ અને ૧૦૦ વારના ઘરથાળના પ્લોટો આપવામાં આવ્યા હતા. ભાજપ સરકારે છેલ્લા ૧૫ વર્ષમાં ગરીબોના હક્ક, અધિકારની જમીન છીનવીને પોતાના મળતિયાઓને પધરાવી દીધી છે. કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણપણે કથળી રહી છે. દારૂ-જુગાર, બાળ અપહરણ અને બળાત્કારના ગુનાઓનો વધારો થયો છે. સામાન્ય નાગરિકોની ફરિયાદ લેવાતી નથી. ભ્રષ્ટાચાર ભાજપ સરકાર માટે શિષ્ટાચાર બની ગયો છે. તલાટીમંત્રી સુધી મામલતદાર, સેવાસદન મેવાસદન બની ગયા છે. ૩૩ હજાર કરોડ ટાટા નેનોને લાભ આપ્યા પછી ગુજરાતમાં એક પણ ઉમેદવારોને નોકરી મળી નથી. જી.એસ.સીના ૨૦ હજાર ખર્ચ છતાં ગેસ મળતો નથી. શૌચાલયો માટેની કરોડોની ગ્રાન્ટમાં પણ ભ્રષ્ટાચાર થયો છે.




વિધાનસભા પોડિયમ ખાતે આજે લોકસભાના પ્રથમ અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકરની ૧૨૮મી જન્મ જયંતિ નિમિત્તે તેમના તૈલચિત્રને વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ. પટેલ દ્વારા પુષ્પાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભાના અધિકારી-કર્મચારીઓએ ઉપસ્થિત રહી શ્રી માવળંકરના તૈલચિત્રને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પી હતી.

# વનબંધુઓના સર્વાંગી વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે : આનંદીબેન

અમદાવાદ, તા.૨૭

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે તાલુકા, જિલ્લા પંચાયતની ચૂંટણીના પ્રચારના છેલ્લા દિવસે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ગુજરાતમાં ૪૫-૫૦ વર્ષો સુધી આદિજાતિઓને બાપડા-બિચારા અને વિકાસથી વંચિત રાખવાનું ઘોર પાપ કોંગ્રેસે કર્યું છે. દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લાના ડોસવાડામાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાકોના સમર્થનમાં ચૂંટણીસભાને સંબોધન કરતાં તેમણે કહ્યું કે, આદિવાસીઓને મતબેન્કનું પતાકડુ સમજી કોંગ્રેસીઓને સત્તા મેળવવા જ તેમનો અત્યાર સુધી ઉપયોગ કર્યો અને સત્તા મળી એટલે તેમને ઠેરના ઠેર રાખ્યા એ વાત હવે આદિજાતિ પ્રજાજનો સમજી ગયા છે. આનંદીબોને જણાવ્યું કે, વનબંધુઓને વિકાસની જે અગ્રીમ હરોળમાં પાઠલા દોઢ દાયકાથી અમે લાવ્યા છીએ તેનાથી વિકાસની ભુખ તેમનામાં ઉઘડી છે. તેમણે એમ પણ ઉમેર્યું કે, અમે ઘેર-ઘેર જઈને આદિજાતિ બાળકોને આગળી પકડીને શિક્ષણ માટે શાળાઓમાં દાખલ કરાવ્યા છે. રેસીડેન્શીયલ સ્કુલ, એકલવ્ય વિદ્યાલય તથા ટેલેન્ટ પુલ જેવી આધુનિક શિક્ષણ સવલત ભાજપાએ આપી છે.

કોંગ્રેસે શિક્ષણથી આ બાળકો-પરિવારોને વંચિત રાખવાનું કામ કર્યું અમે શિક્ષણની સંસ્કાર જ્યોત જગાવી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, ભાજપા એ ગ્રામીણ મહિલાઓના આરોગ્યની ચિંતા કરી છે. ઘેર-ઘેર ટોયલેટનું જનઆંદોલન તથા બ્રેસ્ટ-સર્વાઈકલ કેન્સરના પરિક્ષણ-નિદાન-સારવારનો સેવાયજ્ઞ ઉપાડ્યો છે. રાજ્યના તમામ ગામોને પાકા રસ્તા-સતત પાણી જેવી પાયાની પ્રાથમિક સુવિધાથી સાંકળી લેવાની ભાજપાની પ્રતિબધ્ધતા દોહરાવતાં આનંદીબેને જણાવ્યું કે,વિકાસ કોને કહેવાય એ ભાજપાએ પાછલા ૧૫ વર્ષમાં ગુજરાતના સર્વગ્રાહી વિકાસથી બતાવ્યું છે.

તેમણે યુવાવર્ગોને રોજગાર ઉચ્ચશિક્ષણ સહાય માટેની યોજના તેમજ બાળઆરોગ્ય સેવાઓની સફળતાની વિગતો આપતાં જણાવ્યું કે, યુવાનોને ઉજ્જવળ ભાવિ કારકિર્દી અને આવનારી પેઢી સમા બાળકોની તંદુરસ્તીની ચિંતા કરી અમે સર્વાંગી વિકાસ માટે સેવાભાવે સુશાસન આપ્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારતીય જનતા પાર્ટીમાં આદિજાતિઓનો વનવાસીઓનો ભરોસો અકબંધ રહેશે અને જિલ્લા તાલુકા પંચાયતોની આ ચૂંટણીમાં ભાજપાને જવલંત વિજય થશે જ.

# શામળાજી પોલીસે કતલખાને લઈ જવાતા ટ્રકને જબ્બે કરી ૬૫ પશુઓને બચાવાયા

શામળાજી, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી ગેરકાયદેસર રીતે ટ્રકમાં ભરી કતલખાને લઈ જવાતા ૬૫ ગાય-વાછરડાને બચાવી લેવાયા હતા. શામળાજી પોલીસે એક શખ્સની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. શામળાજી પોલીસ બચાવાયેલ ૬૫ ગાય-વાછરડાની ઘાસચારા અને પાણીની વ્યવસ્થા કરી ઈડર પાંજરોપોળ મોકલી અપાયા હતા.



શામળાજી નજીક આરટીઓ ચેકપોસ્ટ પરથી પસાર થઈ રહેલ એક ટ્રકને રોકી તેમાંથી તલાશી લેતા આ ટ્રકમાં કતલખાને લઈ જવાતા ગાય-વાછરડા મળી આવ્યા હતા. મધ્યપ્રદેશના મંદસોરના દાવતખેડીના રહેવાસી આમીન મોબીન મસીજસા વગર પાસપરમીટે ગાય-વાછરડાઓને ટ્રકમાં ભરી લાવી કતલખાને લઈ જતા હતા. દરમિયાન શામળાજી નજીક આ ટ્રકને રોકી ગાય-વાછરડાઓને બચાવી લેવાયા હતા. ટ્રકમાં રસ્સી વડે મરણતોલ હાલતમાં અને કોઈપણ જાતના ઘાસચારા કે પાણીની સુવિધા વગર બાંધેલ ૬૫ ગાય-વાછરડાને બચાવી લઈ કિંમત રૂ. ૨.૭૨ લાખ અને ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ મળી કુલ ૧૨.૭૨ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સની અટકાયત કરી ઝબ્બો કરાયેલા શખ્સ વિરૂદ્ધ શામળાજી પોસઈ આર.ટી. ઉદાવતે પ્રાણી અત્યાચાર નિવારણ એક્ટ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

# પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં પાલીકા પ્રમુખની ભાજપની પેનલ જીત તરફ અગ્રેસર

પાલનપુર, તા. ૨૭

પાલનપુર શહેરનો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમૃતસીટીમાં સમાવેશ કરી અગ્ર હરોળમાં વિકાસ તરફ કુચ કરવા નગરપાલિકા ચૂંટણી જંગ-૨૦૧૫માં શહેરના મતદારો ભાજપના ઉમેદવારોને વિજયી બનાવવા કૃત નિશ્ચયી બન્યા છે.

ત્યારે વર્તમાન પાલિકા પ્રમુખ હસમુખભાઈ એમ. પઢીયારની પેનલને આ ચૂંટણીમાં મતદારો પુનઃ જંગી બહુમતીથી વિજયની વરમાળા પહેરાવવા ઉત્સાહી બન્યા છે.

પ્રમુખ હસમુખ પઢીયારની કાબેલીયત અને સૌનો સાથ સૌનો વિકાસના ભાજપના મંત્રને ઘેર ઘેર પહોંચાડી સમગ્ર વોર્ડ નં. ૧૦મા અને સમગ્ર શહેરના આંતરિક અને જાહેર માર્ગોની સુધારણા, સફાઈ, સ્ટ્રીટલાઈટ સહિત ભૂગર્ભ ગટર નાળા, સી.સી. રોડ સહિત પ્રજાજનોને સ્પર્શતી નગરપાલિકાને લગતી જુદી જુદી કામગીરી કરવાની કુનેહથી શહેરમાં નગરપાલિકાની ચૂંટણીમાં મતદારો પુનઃ ભાજપને સત્તાના સૂત્રો



સોંપશે તેવું વાતાવરણથી ભારે જોર પકડી રહ્યું છે. વોર્ડ નં. ૧૦ યુવા ભાજપના હરેશ ચૌધરી અને શહેર પ્રમુખ અનિકેત ઠાકરની ટીમ ઘરે ઘરે ફરી લોકસંપર્કથી વિકાસ માટે ભાજપને મત આપવા પ્રચાર કરી રહ્યા છે.

ત્યારે વોર્ડ નં. ૧૦મા નવા સીમાંકનથી અનેક નવા વિસ્તારો મતદારોની સંખ્યા વધતા ભાજપની પ્રમુખ પેનલના ઉમેદવારો હસમુખભાઈ એમ. પઢીયાર, પાર્થસારથી ડુંગરભાઈ પરમાર, જાગૃતિ વિપુલભાઈ મહેતા(ભુરી), જાગૃતિ વિજયભાઈ મોદીને કમળના ચિન્હ ઉપર મતદાન કરી જંગી બહુમતીથી વિજય અપાવી વિકાસયાત્રાને આગળ ધપાવવા ભારે ઉત્સાહીત બન્યા છે.

# પાલનપુર નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નં. ૮મા ભાજપની પેનલનો ભારે દબદબો

પાલનપુર, તા. ૨૭

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીનો ખરાખરીનો ખેલ જામી ચુક્યો છે. છેલ્લા ૨ દિવસથી પ્રજાજનો શિયાળાની ગુલાબી ઠંડી વચ્ચે ચૂંટણીનો ગરમાવો મતદારો અનુભવી રહ્યા છે.

ત્યારે નવા સિમાંકન બાદ સ્વચ્છ પ્રતિભાને લઈ મતદારો પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના વિકાસના ગ્રાફને ઊંચે લઈ જવા કમર કસી છે. ત્યારે અમૃતમ યોજનામાં પાલનપુરનો વડાપ્રધાને સમાવેશ કર્યો છે તેને લઈ મતદારો ભાજપની પેનલના



પ્રથમવાર નવી વોર્ડ રચનાનુસાર નગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહેલ હોવાથી મતદારોની સંખ્યાનો વધારો અને હાઈવે વિસ્તારની અને સોસાયટીઓ વોર્ડ નં. ૮મા સમાવેશ થતાં વિકાસના મુદ્દાને લઈને ભારતીયજનતા પાર્ટીના ઉમેદવારો પાર્ટીએ તમામ નવા ચહેરાને મેદાનમાં ઉતાર્યા છે.

આ વોર્ડની ચૂંટણીની કમાન પાર્ટીએ સ્વામી વિવેકાનંદ કેન્દ્રના ગૌરાંગ પાધ્યા અને ભાજપના અતુલ એમ. જોષીને અને તેમની ટીમને સોંપી છે. ત્યારે પાર્ટીના ઉમેદવારોની ઉમેદવારો અતુલ આર. જોષી (ચોકસી), દિપક એમ. પટેલ, વૈશાલી બાબુલાલ લીંબાચીયા,સુરજ મેહુલકુમાર ગઢવી મતદારોના ભારે આવકાર મળી રહ્યો છે.

વોર્ડ નં. ૮મા આવતા લક્ષ્મીપુરા, રામજીનગર, આકેસણરોડ, એંગોલારોડની સોસાયટીઓ સહિત સમગ્ર વિસ્તારમાં ભારે ઉમળકા સાથે મતદારો ભાજપ પેનલનો ભારે દબદબો દેખાતાં નિશ્ચિત વિજય તરફ આગળ વધી મોટી સંખ્યામાં મતદાન કરવા થનગની રહ્યા છે.

## ઈલોલમાંથી ૨૪ હજારના બકરા ચોરાતા બે વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે રહેતા એક શખ્સના ઘરેથી ગત તા. ૧૮ નવેમ્બરની રાત્રે નઝમી ઉર્ફે નાજુમ કાલુ મુલતાની અને જાવેદ નુરખા મુલતાનીએ ૨૪ હજારની કિંમતના ૧૨ બકરાની ચોરી કરી લઇ ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં કોઇ પત્તો ન મળતા ઈલોલના સાબીરહુસેન રોશનઅલી હોલ્ડાએ બંનેને શકમંદ માની તેમની વિરુદ્ધ ગુરુવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ગાંધી ૧૦૦ (૪ પાનાનું ચાલુ...)

નથી? એવું આપ માનો છો, એવા પ્રશ્નમાં ગાંધીએ કહ્યું કે 'એ વિશે મારામાં લવલેશ શંકા નથી. રંગીન અથવા કહેવાતી પછાત પ્રજાઓનું શોષણ ચાલુ રહેવા છતાં, કાયમી સુલેહ શાંતિ સ્થાપી શકાય, એમ માનવા જેટલા ઘમંડી તેઓ હોય તો, તેઓ બેવકૂફોના સ્વર્ગમાં રહે છે, એમ મારે કહેવું જોઈએ.'

એક અહિંસક માણસ તરીકે વ્યક્તિઓને શિક્ષા કરવામાં માનતો નથી એવી લાગણી વ્યક્ત કરતાં તેઓ પેલા પત્રકારના 'યુદ્ધ ગુનેગારો' નું શું? - એવો સવાલના જવાબમાં ગાંધી કહે છે, ખુદ યુદ્ધ જ ઈશ્વર સામેનો - માનવજાત સામેનો ગુનો નથી? તેથી યુદ્ધને મંજૂરી આપનારા, યુદ્ધ ઊભું કરનારા અને ચલાવનારાઓ યુદ્ધ ગુનેગારો નથી? યુદ્ધ ગુનેગારો માત્ર ધરી રાષ્ટ્રોમાં (તે સમયના નાના રાષ્ટ્રો - ઈંગ્લેન્ડ અમેરિકા મિત્ર દેશ સિવાયના રાષ્ટ્રો પણ) જ છે એવું નથી. રૂઝવેલ્ટ, ચર્ચીલ, હિટલર અને મુસોલિની જેટલા જ યુદ્ધ ગુનેગારો છે.

(સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ ભાગ : ૭૯, પૃષ્ઠ ૪૩૬ થી ૩૪૮)

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

### ઐતિહાસિક જીત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રથમ દિવસે ૧૨ વિકેટ પડ્યા બાદ બીજા દિવસે ૨૦ વિકેટો પડી હતી. સૌથી પહેલા આફ્રિકન ટીમ આજે ૭૯ રન કરીને ઓલઆઉટ થઈ હતી ત્યારબાદ ભારતીય ટીમ પણ તેના બીજા દાવમાં નાટ્યાત્મકરીતે માત્ર ૧૭૩ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આફ્રિકા તરફથી ઈમરાન તાહિરે ૩૮ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી જ્યારે મોર્ને મોર્કેલે ત્રણ વિકેટ ઝડપી હતી. ભારતીય બેટ્સમેનો પણ ટકી શક્યા ન હતા અને જંગી જુમલો ખડકીને આફ્રિકાને ભીંસમાં લેવામાં ફલોપ રહ્યા હતા. જીતવા માટેના ૩૧૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા આફ્રિકાની ટીમ આજે માત્ર ૧૮૫ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આફ્રિકા તરફથી બીજા દાવમાં અમલાએ સૌથી વધુ ૩૯ અને પ્લેસીસે ૩૯ રન કર્યા હતા. આ બંને બેટ્સમેનો મેદાનમાં થોડાક સમય સુધી ટકી શક્યા હતા અને હારને ટાળવાના પ્રયાસ કર્યા હતા. કેપ્ટન અમલા ૧૬૭ બોલ રમીને માત્ર ૩૯ રન કરી શક્યો હતો. પ્લેસીસે પણ ૧૫૨ બોલમાં ૩૯ રન કર્યા હતા. નાગપુર ટેસ્ટમાં ત્રીજો દિવસ અશ્વિનના નામ ઉપર રહ્યો હતો. અશ્વિને આજે જોરદાર તરખાટ મચાવ્યો હતો. અશ્વિને ૬૬ રન આપીને સાત વિકેટ ઝડપી હતી. અશ્વિનની ઘાતક બોલિંગ સામે આફ્રિકન બેટ્સમેનો શરણે થયા હતા અને જીતવા માટેના ૩૧૦ રન પણ કરી શક્યા ન હતા. આફ્રિકાની ટીમ માત્ર ૧૮૫ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આ ટેસ્ટ મેચમાં અશ્વિને ૧૨ વિકેટ ઝડપી હતી. પ્રથમ ઈનિંગ્સમાં તે પાંચ વિકેટ ઝડપી શક્યો હતો જ્યારે બીજી ઈનિંગ્સમાં વધુ સાત વિકેટ ઝડપીને અશ્વિને તરખાટ મચાવ્યો હતો.

### મફત વિજ જોડાણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૧૫માં સરેરાશ ગાળો વધારવામાં આવ્યો હતો અને તેને ૨૨થી ૨૪ કલાક સુધી લઈ જવામાં આવ્યો હતો. બિહારમાં નીતીશકુમારે ગઈકાલે જ જાહેરાત કરી હતી કે, પહેલી એપ્રિલ ૨૦૧૬થી બિહારમાં શરાબના વેચાણ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવશે. ગયા સપ્તાહમાં પાંચમી વખત મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા બાદ નીતીશકુમારે પ્રથમ મોટી જાહેરાત કરી હતી. પ્રથમ મોટી જાહેરાતના બીજા દિવસે વધુ એક મોટી જાહેરાત નીતીશકુમારે આજે કરી હતી. શરાબના વેચાણ ઉપર નિયંત્રણ કરવા વર્તમાન નાણાંકીય વર્ષના અંત પહેલા નવા એક્સાઈઝ લોને લાવવા માટે તેમના અધિકારીઓને સૂચના અપાઈ હતી. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર દરમિયાન જેડીયુએ મહિલા મતદારોને ખાતરી આપી હતી કે, તેઓ રાજ્યમાં શરાબના વેચાણ ઉપર પ્રતિબંધ મુકશે. બિહારમાં ૧૯૭૭થી ૮૦ના ગાળા દરમિયાન શરાબ ઉપર પ્રતિબંધ મુકવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ આ અસરકારક રહ્યા ન હતા. રાજ્ય સરકાર માટે શરાબથી જંગી આવક પણ થાય છે. અમીર લોકો શરાબના વપરાશના ખતરાને જાણે છે જેથી તેઓ હેલ્થી લાઈફ સ્ટાઈલને જાળવે છે પરંતુ ગરીબ લોકોને સૌથી વધારે તકલીફનો સામનો કરવો પડે છે. તેવો મત નીતીશકુમાર ધરાવે છે. શરાબ ઉપર પ્રતિબંધ મુકવાની જાહેરાત બાદ હવે મફત વિજળી કનેક્શન આપવાની પણ જાહેરાત કરાઈ છે.

### સામાજીક દસ્તાવેજ છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અગાઉની સરકારોએ કોઈ કામ કર્યું ન હતું. તેઓ પણ કહી રહ્યા નથી. લાલ કિલ્લા પરથી પણ તેઓ આ વાત કરી ચુક્યા છે. ભારતનું નિર્માણ કોઈ મહારાજાઓએ કર્યું નથી પરંતુ સામાન્ય લોકો અને સરકારોએ કર્યું છે. મોદીએ કોંગ્રેસના એવા દાવાને ફગાવી દીધો હતો કે, એનડીએ સરકાર જવાહરલાલ નહેરુ જેવા નેતાઓની ભૂમિકાની અવગણના કરી રહી છે અને તેમને ક્રેડિટ આપી રહી નથી.

### મહત્વનો સેમિનાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને સ્માર્ટસીટી પ્રોજેક્ટને લઈ પ્રેઝન્ટેશન પણ તંત્ર દ્વારા રજુ કરવામાં આવે અને તે અંગેના નિદર્શન પણ રજુ કરાય તેવી શક્યતાઓ છે.

સ્માર્ટસીટી અંગેની મળેલી રજુઆતો પરથી ફાયનલ દરખાસ્ત આ મહિનાના અંત સુધીમાં રાજ્ય સરકાર સમક્ષ રજુ કરી દેવામાં આવશે અને ડિસેમ્બરના અંત સુધીમાં તે અંગેનો નિર્ણય લેવાય તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.

વિવિધ દરખાસ્તોને આધારે પ્રથમ ૨૦ શહેરોની પસંદગી થશે અને તેમાં સ્માર્ટસીટી પ્રોજેક્ટનું પ્રથમ તબક્કાનું કામ શરૂ થશે તેમ મનાઈ રહ્યું છે.

### સ્વાગત છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમામ પક્ષ-અપક્ષ ઉમેદવારોનું સ્વાગત છે, આવો અને લોકો માટે શું કરવાના છો તે જણાવો' તેવા લખાણ સાથે લોકશાહી પર્વ ચૂંટણી ઉજવવાનો નિર્ધાર પ્રદર્શિત કર્યો છે. દ્વારકેશ રેસીડેન્સીના પ્રમુખ સંજયભાઈ પંડયાએ જણાવ્યું છે કે મતદાન ના કરવું એ કોઈ સમસ્યાનો ઉકેલ નથી, ઉલ્ટું એનાથી તો ઘણા ઉમેદવારોને ફાવતું જડી જાય છે. હવે જયારે 'નોટા'નો વિકલ્પ આપણી પાસે હોય ત્યારે મતદાનથી વિમુખ થવું તે યોગ્ય નથી. જો કોઈ પણ ઉમેદવાર પસંદ ના હોય તો 'નોટા'નો ઉપયોગ કરવો પણ મતદાન અચુક કરવું તે આપણી પવિત્ર ફરજ છે અને આપણો જવાબ પણ. દ્વારકેશ રેસીડેન્સીના આ પગલાને સર્વત્ર સારો આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.




## પ્રાંતિજમાં ચૂંટણીને ધ્યાને લઈ ફલેગ માર્ચ યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજની ચુંટણીને અનુલક્ષીને પ્રાંતિજ તથા તાલુકામાં ફલેગ માર્ચ યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાનાર છે જેમાં સંવેદનશીલ વિસ્તારોમાં સ્થાનિક પોલીસ તથા રાજસ્થાન પોલીસ દ્વારા ફલેગ માર્ચ યોજાઈ હતી.

### ડેમેજ કંટ્રોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ જિલ્લાના બેમુખ્ય સ્પર્ધક પક્ષો દ્વારા વધુમાં વધુ મતદાન થાય તેની વ્યુહરચના તૈયાર કરી રહ્યા છે અને ગત ચૂંટણી કરતાં આ વખતે મતદાન વધુ થશે તેવો દાવો કરી રહ્યા છે.

બન્ને પક્ષોના આગેવાનો દ્વારા મતોના પોકેટમાં પડેલા ગાબડાઓને લઈ ડેમેજ કંટ્રોલની કવાયત પણ શરૂ થઈ ગઈ છે. સમગ્ર જિલ્લામાં બન્ને પક્ષોના આગેવાનો દ્વારા ખાનગી પાર્ટી પ્લોટ કે ખાનગી હોલમાં આ કવાયતો તેજ બનાવી છે.

જિલ્લામાં પ્રચાર પડઘમ શાંત થતાં પૂર્વે આજે ઉમેદવારો દ્વારા મહાસંપર્ક અભિયાનના ભાગરૂપે રોડ શૉ પણ યોજવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઉમેદવારો દ્વારા મતદાર સ્લીપોનું વિતરણ પણ આજથી વેગીલુ બન્યુ છે. આ ઉપરાંત પોલીંગ એજન્ટોની નિમણુંક સહિત બુથમેનેજમેન્ટની કવાયત પણ વેગીલી બનાવી દેવામાં આવી છે.

દરમ્યાન મતદાન માટે તંત્રએ તેની કવાયત પૂર્ણ કરી અને મતદાન માટે સજ્જ થઈ ગયુ છે. તો રાજકીય પક્ષો પણ સ્પર્ધા માટે સજ્જ થઈ ચુક્યા છે અને મતદારો પણ કોને મત આપવો તે માટેનું મન બનાવી ચુક્યા છે અને મતદાન માટેની પળનો ઈન્તજાર કરી રહ્યા છે.

જિલ્લામાં આ પ્રચાર અભિયાન દરમ્યાન આચારસંહિતા ભંગની ફરિયાદો મળી નથી જેથી તંત્રએ પણ રાહતનો દમ લીધો છે. આ ઉપરાંત મતદારયાદીને લઈ ગઈકાલે રાજકીય પક્ષો સાથે થયેલી બેઠક બાદ પક્ષોએ તંત્રની કામગીરીને લઈ જે સંતોષ વ્યક્ત કર્યો છે તેને લઈ તંત્ર પણ મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ થશે તેવો વિશ્વાસ ધરાવે છે.

### એકર કરોડ ખર્ચા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે ૧ લીએ ચોથા તબક્કામાં ખર્ચના હિસાબો ઉમેદવારોએ રજુ કરવાના થશે જે ખર્ચના અંદાજો વધુ હશે તેમ મનાઈ રહ્યું છે. કારણ કે મતદાન માટેના બુથ મેનેજમેન્ટનો ખર્ચ તેમજ આજે યોજોયલ રોડ શૉ ના ખર્ચ સહિતની વિગતો એ વખતે દર્શાવવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

**મેસર્સ વેલસન રેઝીન પ્રા. લિ.**

સર્વે નં.-૧૫૩/૧, ગામ-ચીસકરી, તાલુકા-દહેગામ, જિલ્લો-ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

**પર્યાવરણીય મંજૂરી**

આથી જણાવવામાં આવે છે કે, એક્ષ્પર્ટ અપ્રેઈજલ કમીટી EAC/MOEF) નવી દિલ્હી દ્વારા અમને પત્ર ક્રમાંક - J-11011/269/2014-1A 11 (1) દ્વારા અમારા ફોર્માલ્ડીહાઈડ-૯૦૦૦ મેટ્રીક ટન પ્રતિમાસ, એડ હેસીવ-૬૦૦ મેટ્રીક ટન પ્રતિમાસ, ફેનોલ ફોર્માલ્ડીહાઈડ-રેઝીન-૩૦૦૦ મેટ્રીક ટન પ્રતિમાસ, મેલામાઈન ફોર્માલ્ડીહાઈડ રેઝીન-૩૦૦૦ મેટ્રીક ટન પ્રતિમાસ - યુરિયા ફોર્માલ્ડીહાઈડ રેઝીન-૩૦૦૦ મેટ્રીક ટન પ્રતિમાસના વિતરણ પ્રોજેક્ટ માટે પર્યાવરણીય મંજૂરી આપેલ છે. સદર મંજૂરીની નકલ વન અને પર્યાવરણ મંત્રાલય ઓફીસથી મળશે તથા વેબસાઈટ www.envfor.nic.in પરથી મળશે.